## જન્મદિને વધામણી



**આઈ બી વાઘેલા**
એડવોકેટ
મહામંત્રી,
ગાંધીનગર જિલ્લા ભાજપ



**નયનાબેન નારણભાઈ પટેલ**
(વેસ્ટર્ન એગ્રી સીડ્સ)



**મહેશભાઈ ભટ્ટ**
ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર મર્ચન્ટ એસોસિએશન,
સેક્ટર-૨૧
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪



**મૂળરાજભાઈ એસ ઠક્કર**
નિવૃત્ત અધિક કલેક્ટર
મો. ૯૯૨૫૭ ૧૨૨૭૨



**જયવીર શર્મા**
સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા
મો. ૯૦૯૯૦ ૨૬૮૯૭

# રાષ્ટ્રકક્ષાની સૉફ્ટ ટૅનિસ સ્પર્ધામાં ઍમ બી પટેલ અંગ્રેજી સ્કૂલ ઝળકી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના ધોરમ-૯ના વિદ્યાર્થી હંસલ શાહ અને કિર્તન પટેલે તેલંગણાના વાંરગલ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની સોફ્ટ ટેનિસ રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. બંને વિદ્યાર્થીઓએ ટીમ ઈવેન્ટમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું, સિંગલ્સમાં હંસલ શાહે તૃતિય સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું રાષ્ટ્રકક્ષાએ ગૌરવ વધાર્યું હતું. શાળાના વ્યાયામ શિક્ષક નદીમ મેમણે બંને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા બંને વિજેતા વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકને સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ઑલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ચૅમ્પિયનશીપમાં ચૌધરી કૉમર્સ કૉલેજ ઝળકી



ગાંધીનગર, તા. ૧૯
ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સ્વિમિંગ ચેમ્પિયનશીપ તાજેતરમાં પંજાબ યુનિવર્સિટી દ્વારા ચંદીગઢમાં યોજવામાં આવી હતી. જેમાં ભારતભરની યુનિવર્સિટીઝે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉમર્સ કૉલેજ, સૅક્ટર-૭ની વિદ્યાર્થીની દિલપ્રિત કૌરે ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ સ્વિમિંગ સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરીને બ્રોન્ઝ મેડલ સાથે તૃતિય સ્થાન પ્રાપ્ત કરીને કૉલેજનું ગૌરવ વધાર્યું હતું.

ઉલ્લેખનીય છે કે દિલપ્રિતે ખેલ રાજ્ય ખેલ મહાકુંભ અંતર્ગત ઓપન ગૃપમાં ૫૦ મીટર, ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલ મળીને કુલ ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા.

વિદ્યાર્થીનીની આ સિદ્ધિ બદલ મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ એસ આર ચૌધરી, મહામંત્રી માધુભાઈ ચૌધરી, ટ્રસ્ટીઓ, પ્રિન્સિપાલ પ્રશાંત વાઘેલા, સ્પોર્ટ્સ ઈન-ચાર્જ વિનોદભાઈ, પ્રૉ. રાકેશ પ્રજાપતિ અને તમામ કૉલેજ પરિવારે તેને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# ધો. ૧૨ સાયન્સની પરીક્ષાનાં ફોર્મ લેઈટ ફી સાથે સ્વીકારાશે

ગાંધીનગર, તા. ૧૯
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૮માં લેવાનારી ધોરણ-૧૨ સાયન્સની પરિક્ષા માટેના આવેદનપત્રો ભરવાની મુદત ૧૬ નવેમ્બર સુધીની હતી. જોકે, મુદત પૂર્ણ થયા બાદ પણ કેટલાક વિદ્યાર્થીઓ ફોર્મ ભરવામાં બાકી રહી ગયા હોવાનું જણાતા બોર્ડ દ્વારા લેઈટ ફી સાથે ફોર્મ ભરવાનું નક્કી કર્યું છે. જેના પગલે હવે વિદ્યાર્થીઓ ૨૩ નવેમ્બર સુધી ધોરણ-૧૨ સાયન્સની પરિક્ષા માટેના ફોર્મ ભરી શકશે. બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સના ઓનલાઈન ફોર્મ ભરવાની શરૂઆત કરાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓના ફોર્મ ૧૬ નવેમ્બર સુધીમાં ભરાઈ જાય તે માટે સ્કૂલોને સૂચના આપી હતી.. જોકે, વેકેશન દરમિયાન અનેક સ્કૂલો ફોર્મ ભરવામાં ઉદાસીન રહી હતી. જેના પગલે કેટલાક વિદ્યાર્થીઓના ફોર્મ ભરાવવાના હજુ બાકી રહી ગયા હોવાનું બોર્ડના ધ્યાને આવ્યું હતું. ૧૬ નવેમ્બરના રોજ ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ પણ કેટલાક વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાથી બોર્ડે લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવાનું નક્કી કર્યુ છે. જેથી હવે વિદ્યાર્થીઓના ફોર્મ ૨૩ નવેમ્બર સુધી લેઈટ ફી રૂ. ૨૫૦ સાથે સ્વીકારવામાં આવશે. જેથી વિદ્યાર્થીની દીઠ આવેદનપત્રની રેગ્યુલર ફી અને લેઈટ ફી રૂ. ૨૫૦ ભરવાની રહેશે. આ વખતે ધોરણ-૧૨ સાયન્સમાં સેમેસ્ટર સિસ્ટમ રદ થયા બાદ પ્રથમ વખતે પરિક્ષા લેવામાં આવનાર છે. જેથી સેમેસ્ટર સિસ્ટમમાં પાસ થયેલા ઉમેદવારો પોતાના ગુણ સુધારવા માંગતો હોય તો તે સેમેસ્ટર સિસ્ટમની માર્કશીટ બોર્ડમાં જમા કરાવી માર્ચ-૨૦૧૮ની પરિક્ષામાં ઉપસ્થિત થઈ શકશે તેવો નિર્ણય બોર્ડ દ્વારા લેવામાં આવ્યો છે.

# ધોરણ-૧૦નાં ફોર્મ લેઈટ ફી સાથે ૧૦ ડિસેમ્બર સુધી ભરી શકાશે

ગાંધીનગર, તા. ૧૯
શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૮માં લેવાનારી ધોરણ-૧૦ની પરિક્ષા માટેના આવેદનપત્રો ભરવાની મુદત ૧૭ નવેમ્બર સુધીની હતી. જોકે, મુદત પૂર્ણ થયા બાદ પણ કેટલાક વિદ્યાર્થીઓ ફોર્મ ભરવામાં બાકી રહી ગયા હોવાનું જણાતા બોર્ડ દ્વારા લેઈટ ફી સાથે ફોર્મ ભરવાનું નક્કી કરાયું છે. જેના પગલે હવે વિદ્યાર્થીઓ ૧૦ ડિસેમ્બર સુધી ધોરણ-૧૦ની પરિક્ષા માટેના ફોર્મ ભરી શકશે. જોકે, લેઈટ ફી અંગે બોર્ડ દ્વારા અલગ અલગ ફી નક્કી કરાતા વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો છે. બોર્ડ દ્વારા ધોરણ-૧૦ના ઓનલાઈન ફોર્મ ભરવાની શરૂઆત કરી હતી. જેમાં વિદ્યાર્થીઓના ફોર્મ ૧૭ નવેમ્બર સુધીમાં ભરાઈ જાય તે માટે સ્કૂલોને સૂચના આપી હતી. જોકે, વેકેશન દરમિયાન અનેક સ્કૂલો ફોર્મ ભરવામાં ઉદાસીન રહી હતી. જેના પગલે કેટલાક વિદ્યાર્થીઓના ફોર્મ ભરાવવાના હજુ બાકી રહી ગયા હોવાનું બોર્ડના ધ્યાને આવ્યું હતું. ૧૭ નવેમ્બરે ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ પણ કેટલાક વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાથી બોર્ડે લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવાનું નક્કી કર્યુ છે. જેથી હવે વિદ્યાર્થીઓના ફોર્મ ૧૦ ડિસેમ્બર સુધી લેઈટ ફી સાથે સ્વીકારવામાં આવશે.

ધોરણ-૧૦ની લેઈટ ફી જુદી જુદી રખાઈ છે. જેમાં ૧૮ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી ફોર્મ ભરનારને લેઈટ ફી રૂ. ૨૫૦ ભરવાની રહેશે. જયારે ૨૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર સુધી ફોર્મ ભરનારને લેઈટ ફી પેટે રૂ. ૩૦૦ ભરવાના રહેશે અને ૧ ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર સુધીમાં ફોર્મ ભરનારની લેઈટ ફી રૂ. ૩૫૦ રહેશે.

# નરેન્દ્ર મોદી ૩ ડિસેમ્બરે ઍસજીવીપી હોલિસ્ટિક હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરશે

ગાંધીનગર, તા. ૧૯
શ્રીસ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ (ઍસજીવીપી) અમદાવાદ ખાતે નૂતન નિર્માણ પામેલી યોગ, આયુર્વેદ અને એલોપથીના પવિત્ર સમન્વય સ્વરૂપ ‘શ્રીજોગી સ્વામી હોલિસ્ટિક હોસ્પિટલ’નું લોકાર્પણ તા.૩ ડિસેમ્બરે સાંજે ૫ કલાકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કરશે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ દિલ્હી ખાતે પીએમની મુલાકાત લઈ આમંત્રણ પાઠવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો હતો.

આ મુલાકાત અંગે બાલકૃષ્ણદાસજી સ્વામીએ જણાવ્યું કે લગભગ અડધો કલાક સુધી યોજાયેલી શુભેચ્છા મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું અને રક્ષાસૂત્ર બાંધીને ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામના પાઠવવામાં આવી હતી. જ્યારે વડાપ્રધાને પણ ઍસજીવીપીની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી. ખાસ કરીને શિક્ષણ નહીં, પરંતુ સંસ્કારયુક્ત શિક્ષણ જીર્ફ઼ આપી રહ્યું છે, તેની મહત્તા સ્વીકારી હતી. પૂ.શાસ્ત્રી માધવપ્રિયદાસજીનું સ્મરણ કરીને કહ્યું હતું કે સંસ્કૃત ભાષાનાં સંવર્ધન અને પ્રચાર-પ્રસાર માટે જે કાર્યો થઈ રહ્યાં છે, તે માટે ધન્યવાદ પાઠવ્યા હતા. ખાસ કરીને દ્રોણેશ્વર ગુરુકુળ ખાતે બાળકોની સાથે બાલિકાઓને પણ શિક્ષણ મળી રહ્યું હોવાની વાતથી વડાપ્રધાને આનંદ વ્યક્ત કર્યો હતો અને સ્ત્રીસશક્તિકરણના ક્ષેત્રે સારું કાર્ય થઈ રહ્યું હોવાનું જણાવ્યું હતું.

શાસ્ત્રી માધવપ્રિયદાસજીની પ્રેરણાથી તૈયાર થયેલી જીર્ફ઼ છારોડી ખાતે ‘શ્રીજોગી સ્વામી હોલિસ્ટિક હોસ્પિટલ’ અંગે વિગતો આપતાં કનુ ભગતજીએ જણાવ્યું કે સાત માળની આ હોસ્પિટલ કદાચ સમગ્ર ભારતમાં આ પ્રકારે પોતાની રીતે વિશિષ્ટ બની રહેશે. જેમાં યોગ, આયુર્વેદ અને મેડિકલનો સમન્વય હોય. અદ્યતન સાધન-સુવિધાઓથી યુક્ત ઓપરેશન થિયેટરથી માંડીને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓથી યુક્ત મેડિકલ સંસાધનો પણ છે.

# શ્રીમદ્‌ રાજચંદ્રજીએ સમાજને આત્મધર્મનો માર્ગ દેખાડ્યો

ગાંધીનગર, તા. ૧૯
દરેક મહાપુરુષ પોતાના યુગ માટે કોઈ વિશેષ સંદેશો લઈને આવતા હોય છે અને એ રીતે શ્રીમદ્‌ રાજચંદ્રજીએ જડ કર્મકાંડ અને મોંઘા ઉત્સવમાંથી પ્રજાને બહાર કાઢવા માટે આત્મધર્મનો માર્ગ દર્શાવ્યો હતો. શ્રીમદ્‌ રાજચંદ્રજી પાસે અવધાન શક્તિ, જ્યોતિષશાસ્ત્રની શક્તિ અને ભવિષ્યદર્શનની શક્તિ હતી, પરંતુ એ બધી સિદ્ધિઓ-શક્તિઓને પોતાના મોક્ષમાર્ગમાં અવરોધરૂપ માનીને માત્ર ૨૦ વર્ષની વયે એનો તેમણે ત્યાગ કર્યો હતો. એ પછી જગતથી અસંગતા કેળવીને અને નિવૃત્તિ ક્ષેત્રોમાં રહીને એમણે અધ્યાત્મનો આહ્‌લેક પોકાર્યો, એમ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ શ્રીમદ્‌ રાજચંદ્રજીના જીવન અને તત્ત્વજ્ઞાન વિશે ‘શ્રીમદ્‌ રાજચંદ્ર કથા-દર્શન’ નામથી વિશિષ્ટ વ્યાખ્યાનમાળાનાં પ્રથમ વ્યાખ્યાનમાં શનિવારે જણાવ્યું હતું. આ પ્રસંગે શ્રીમદ્‌ રાજચંદ્રજીના તત્ત્વજ્ઞાનના મર્મજ્ઞ એવા પૂ. સંતશ્રી આત્માનંદજી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે, આ વ્યાખ્યાનમાળા તા.૧૮,૧૯ અને ૨૫, ૨૬ નવેમ્બર દરમિયાન ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ, એચ. કે. કૉલેજ કેમ્પસ, હેન્ડલૂમ હાઉસ સામે, આશ્રમ રોડ ખાતે યોજાશે. જે અંતર્ગત તા.૧૮ અને તા.૨૫ નવેમ્બર, શનિવારે રાત્રે ૮.૦૦ વાગ્યે, તથા તા.૨૬ નવેમ્બર, રવિવારે સવારે ૯.૪૫ વાગ્યે યોજાશે. વિશિષ્ટ વાત તો એ છે કે કુલ છ સંસ્થાઓએ ભેગા મળીને આ વિશિષ્ટ વ્યાખ્યાનમાળાનું આયોજન કરાયું છે. મુંબઈ, લંડન અને અન્ય સ્થળો પર જુદા-જુદા વિષય પર દસેક કથા-દર્શનનાં આયોજન પછી સૌપ્રથમવાર અમદાવાદમાં ડૉ.કુમારપાળ દેસાઈની શ્રીમદ્‌ રાજચંદ્ર કથા-દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે શ્રીમદ્‌ રાજચંદ્રજીએ શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્ર જેવું મહાન કાવ્ય આપ્યું, જે સમગ્ર ભારતીય દર્શનોનો સાર છે અને તેને આત્માનું ઉપનિષદ્‌ કહેવામાં આવે છે. વર્તમાન સમયમાં ભૌતિકતામાં ખૂંપી ગયેલા સમાજને એમણે અભય, અસંગતા અને વિતરાગીતાનો સંદેશ આપ્યો, જે આજે પણ જગતને નવો પ્રકાશ આપી શકે તેમ છે. આ પ્રસંગે નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# પેરા મેડિકલમાં બી.એસ.સી. નર્સિંગની તમામ બેઠક ફુલ

ગાંધીનગર, તા. ૧૯
પેરા મેડિકલમાં પ્રવેશ માટેની કાર્યવાહી પૂર્ણ જાહેર કરી દેવામાં આવી છે. ખાલી પડેલી અંદાજે ૩૭૦૦ જેટલી બેઠકો ભરવા માટે જે તે કોલેજોને સોંપી દેવામાં આવી હતી. જેમાં બી.એસસી નર્સિંગની બેઠકો ભરવાની સમયમર્યાદા પૂર્ણ થાય તે પહેલા તમામ બેઠકો ભરાઈ ગઈ હતી. જયારે હોમિયોપથી અને આયુર્વેદમાં ખાલી પડેલી બેઠકો માટે નીટ પાસ હોય તેવા વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવાનો હોવાથી વિદ્યાર્થીઓ ન મળે તેવી સ્થિતિ ઊભી થઈ છે. મેડિકલ-ડેન્ટલ અને હોમિયોપથી-આયુર્વેદમાં નીટના આધારે જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. નીટ પાસ થયેલા વિદ્યાર્થીઓને પ્રવેશ સમિતિ દ્વારા સળંગ આઠ રાઉન્ડમાં જુદી જુદી બેઠકો ઓફર કરી દેવાઈ છે. સૂત્રો કહે છે આયુર્વેદ અને હોમિયોપથી માટે હાલ કોલેજોને વિદ્યાર્થીઓ મળતા નથી. પ્રવેશના નિયમો પ્રમાણે નીટ પાસ થયા હોય તેમને જ પ્રવેશ આપી શકાય તેમ છે. પેરા મેડિકલમાં ચાલુ વર્ષે સૌથી વધુ પ્રવેશની માંગ બીએસસી નર્સિંગ માટે રહી હતી. કાઉન્સિલ દ્વારા મોટી સંખ્યામાં નર્સિંગ કોલેજોને મંજૂરી આપવા છતાં તમામ કોલેજોને પુરતા વિદ્યાર્થીઓ મળી રહ્યા હતા. ધો.૧૨ સાયન્સ પાસ હોય તે તમામ નર્સિંગ માટે લાયક ગણાતા હોવાથી નર્સિંગ કોલેજોમાં બેઠકો ખાલી પડી નથી. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે આગામી તા.૨૫મીએ કઈ કોલેજોમાં કેટલી બેઠકો ખાલી પડી છે તેની વાસ્તવિક સ્થિતિ જાહેર કરાશે.



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, અમદાવાદ ગુજરાતના શ્રી મુક્તજીવન સ્વામીબાબાના આશીર્વદ અને આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી શ્રી ભગવતપ્રિયદાસજી, શ્રી સર્વગુણાલયદાસજીત અને શ્રી સર્વપ્રિયદાસજી મધ્યપ્રદેશના કુક્ષી, ઈન્દોર અને માંડવા વગેરે ગામોમાં સરકારી સ્કૂલ્સના કુલ ૧૫૦૦થી વધુ બાળકોને મળ્યા હતા અને સૌ બાળકોને સ્કૂલ બૅગ, ટાઈમટેબલનું વિતરણ કર્યું હતું.

## બાલદિને વિશ્વકોશમાં રજૂ થઈ બાળકિશોર કાવ્યોની ધીંગામસ્તી

ગાંધીનગર, તા. ૧૯
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા બાળદિન નિમિત્તે મંગળવારે બાળકોમાં ગુજરાતી કવિતા પ્રત્યે અભિરુચિ જાગે તે માટે એક વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો હતો. બાળકોને કવિતાની સાથે આનંદ અને ઉમંગ સાંપડે તેવા આ આયોજનમાં જાણીતા બાળકાવ્યોના સર્જક કૃષ્ણ દવેએ બાળકિશોર કાવ્યોની આનંદભેર પ્રસ્તુતિ કરી હતી. તેમજ કવિતા અને હાસ્યનાં માધ્યમથી બાળકોના પ્રશ્નો રજૂ કરીને તેનો રમતાં-રમતાંમાં ઉકેલ બતાવ્યાં હતાં. બાળકોની સાથે મળીને નાની નાની કવિતા અને વાર્તાઓનું પઠન કર્યુ તેમજ બાળકો સમજી શકે તેવા વ્યંગ સાથે હાસ્યની પ્રસ્તુતિ કરી હતી.

તેમણે જણાવ્યું કે, બાળક બોર ન થાય અને તેમની સાથે હળવાશ અને રતિયાળ રીતે કામ લેવાય એ વધુ અગત્યનું છે. બાળકો પર કશુંય ઠોકવાની વાત નહી, બાળકની રૂચિ અને ઉંમર જોઈને તેમની સાથે કામ કરવું જોઈએ. તેની સાથે સાથે બાળકને સમજાય તેવી ભાષા હોવી જોઈએ. મેં ગામડાની શાળાઓથી લઈને અંગ્રેજી માધ્યમની જાણિતી શાળાઓ કે, વિદેશમાં રહેતા ગુજરાતી મા-બાપના બાળકો સુધી દરેક સાથે કામ કર્યુ છે, પણ મારી સાથે ક્યારેય કોઈ બાળકને કંટાળો નથી ચડ્યો.

# ‘નેક’નું જોડાણ મેળવવા અંગે કૉલેજોમાં ઉત્સાહનો અભાવ

ગાંધીનગર, તા. ૧૯
યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા કોલેજો અને યુનિવર્સિટીઓ માટે નેકનું ગ્રેડિંગ ફરજિયાત કરાયું છે. સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને નેકનું જોડાણ-ગ્રેડિંગ મેળવવા સરકાર સાત લાખ રૂપિયાની મદદ કરે છે, છતાં મોટાભાગની કોલેજોએ હજુ સુધી નેકનું જોડાણ મેળવ્યું નથી. સરકારી-ગ્રાન્ટેડ કોલેજો માટે નેક ફરજિયાત છે પરંતુ સ્વનિર્ભર કોલેજો માટે પણ નેક મહત્વનું છે. વાસ્તવિકતા એ છે કે ગુજરાત યુનિવર્સિટીની માત્ર એક સ્વનિર્ભર કોલેજ નેકનું જોડાણ ધરાવે છે. આ સિવાયની એકપણ કોલેજે હજુ સુધી નેક માટે દરખાસ્ત સુધ્ધા કરી નથી.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને દરેક એજ્યુકેશન સંસ્થા માટે નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (નેક)નું જોડાણ મેળવવા સૂચના અપાઈ છે. ગુજરાતમાં જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને નેકનું જોડાણ મેળવી લેવા કેસીજી દ્વારા વારંવાર આદેશ અપાયા છે. આંધ્રપ્રદેશ અને બેંગાલુરુમાં મોટાભાગની સ્વનિર્ભર કોલેજો નેકનું જોડાણ ધરાવે છે. આશ્ચર્યની વાત એ કે ગુજરાત યુનિવર્સિટી સાથે હાલમાં અંદાજે ૮૦થી વધુ ખાનગી કોલેજો અસ્તિત્વ ધરાવે છે જે પૈકી જે.જી.કોલેજને બાદ કરતાં એકપણ સ્વનિર્ભર કોલેજે નેકનું જોડાણ લીધું નથી. ખાનગી કોલેજોની મંજૂરીમાં બે હાથે લ્હાણી કરવામાં માનતાં યુનિવર્સિટી સત્તાધીશોએ ખાનગી કોલેજો નેકનું જોડાણ મેળવે તે માટે કોઈ વ્યવસ્થા સુધ્ધા કરી નથી. જેના કારણે હાલની પરિસ્થિતિ એવી છે કે બિલાડીના ટોપની જેમ ખાનગી કોલેજોની સંખ્યા વધી રહી છે. નેકનું ગ્રેડ મેળવવા કોઈ પ્રયાસ કરતું નથી. જે તે સ્વનિર્ભર કોલેજ કેટલી સારી છે અને કેવા પ્રકારની વ્યવસ્થા ધરાવે છે તેની ચકાસણીના આધારે નેક દ્વારા ગ્રેડ અપાય છે. સૂત્રો કહે છે યુનિવર્સિટીમાં સ્વનિર્ભર કોમર્સ, બીબીએ,બીસીએ, સાયન્સ, એમએસસી આઈ.ટી. સહિતની અનેક કોલેજો ચાલે છે. પરંતુ નેક લેવા માટે કોઈ તૈયાર નથી.

# મંત્રો અને સંગીતની મદદથી રોગો ઉપર કાબૂ મેળવી શકાય

ગાંધીનગર, તા. ૧૯
કેન્સર અને ડાયાબિટીસના રોગમાં સંગીત અને મંત્ર શક્તિના પ્રયોગોથી ચમત્કારિક પરિણામો મેળવી શકાય છે. વિજ્ઞાનના અભ્યાસી એવા જૈનાચાર્ય નંદિઘોષસૂરિજી મ.સા.ના સાનિધ્યમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ચાર દિવસિય કાર્યશાળા યોજાઈ હતી. કાર્યશાળાની અંદર ખોરાક, સંગીત-રાગ અને મંત્ર શક્તિની મદદથી બીમારીના ઉપચાર સંબંધિત બૌધ્ધિક આપવામાં આવ્યું હતું. કાર્યશાળાના ચોથા દિવસે જુદીજુદી બીમારીની અંદર રાગ દ્વારા થતા ફાયદાનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.

‘ભારતીય સંસ્કૃતિ અને પ્રાચીન વિજ્ઞાન’ કાર્યશાળાના ચોથા દિવસે આચાર્ય નંદિઘોષસૂરિજીએ કહ્યું કે, તેમના અભ્યાસમાં એવા સંખ્યાબંધ દાખલા ધ્યાનમાં આવ્યા છે જેમાં મંત્રોની મદદથી કેન્સર સંપૂર્ણ મટી ગયા હોય. મનુષ્યને જુદાજુદા પ્રકારના સાત દોષ હોય છે તેમને વિશિષ્ટ પ્રકારના સંગીતથી દૂર કરી શકાય છે. આ સંગીતનો ઉપયોગ સવાર અને સાંજે ૧૦-૧૦ મિનિટ સાંભળવા માત્રથી દર્દીને બીમારીમાં ચમત્કારીક લાભ થાય છે એવા સંખ્યાબંધ દાખલા જોવા મળ્યા છે.

મંત્રજાપના ત્રણ પ્રકારમાંથી પ્રથમ ભાષ્ય જાપમાં ફક્ત ૨૦થી ૨૦,૦૦૦ સુધીની ફ્રિક્વન્સી હોય છે, જ્યારે ઉપાંશુ જાપમાં હમેશાં ૨૦,૦૦૦ કરતાં વધુ ફ્રિક્વન્સી હોય છે તેથી તે વધુ શક્તિશાળી હોય છે. તો માનસ અર્થાત્‌ અજપાજાપમાં કલ્પનાતીત ફ્રિક્વન્સી હોવાથી સૌથી વધુ શક્તિશાળી અને તત્કાળ ફળ આપે છે. દરેક મંત્રનું યંત્ર હોય છે અને દરેક યંત્રનો મંત્ર હોય છે. યંત્ર દેહ છે તો મંત્ર આત્મા છે. મંત્ર દ્વારા દરેક યંત્રની પ્રાણપ્રતિષ્ઠા કરાય તો જ ફળ પ્રાપ્ત થાય છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
તુમ્હારી સુલુ
૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
જસ્ટીસ લીગ (૩ડી હિન્દી)
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫
જસ્ટીસ લીગ (૩ડી અંગ્રેજી)
૨.૪૫, ૭.૪૫

**સ્ક્રીન-૪**
અક્સર-૨
૧૨.૪૫
લવની ભવાઈ (ગુજરાતી)
૩.૩૦
બેસ્ટ ઓફ લક લાલુ (ગુજરાતી)
૭.૦૦

**સ્ક્રીન-૫**
તુમ્હારી સુલુ
સવારે ૧૦.૦૦, ૧.૦૦
અક્સર-૨
૪.૦૦, ૧૦.૦૦
ગોલમાલ અગેઈન
૬.૪૫